પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૬ | ૨૭ એપ્રિલ, ૨૦૧૭, ગુરૂવાર ; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### નોર્થ કોરિયાએ કર્યો યુદ્ધ અભ્યાસ




નોર્થ કોરિયાએ પોતાની સેનાની ૮૫મી વર્ષગાંઠ પ્રસંગે પૂર્વિય તટ પર મોટા હથિયારો સાથે યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે. બીજી તરફ અમેરિકાએ હથિયારબદ્ધ સબમરીન કોરીયન સમુદ્રમાં મોકલી દીધી છે.

### બાહુબલી નવ હજાર સ્ક્રીન પર રીલીઝ થશે




બાહુબલી ભારતીય સીને જગતમાં અનેક વિક્રમો સ્થાપવા જઈ રહ્યુ છે. જેમાં સમગ્ર વિશ્વમાં નવ હજાર સ્ક્રીન પર એક સાથે રીલીઝ થશે.

જેમાં આઠ હજાર ભારતમાં અને એક હજાર વિદેશમાં સ્ક્રીન બુક કરાવાયા છે.

### નકસલી હિંસામાં પાંચ વર્ષમાં ૨૨૫૭ના મોત

દેશમાં છેલ્લા પાંચ વર્ષમાં ૫૯૬૦ નકસલી હૂમલાની ઘટનામાં ૧૨૨૧ નાગરીકો, ૪૫૫ સુરક્ષા કર્મીઓ અને ૫૮૧ નકસલીઓના મોત નીપજ્યા છે. નકસલવાદને ડામવા હજુ કોઈ ચોક્કસ કાર્યયોજના હાથ ધરાઈ નથી.

### હવાઈ અકસ્માતમાં બે ટ્રેઈની પાયલોટના મોત



મહારાષ્ટ્રની ગોડીયા ટ્રેનીંગ સ્કૂલના બે ટ્રેઈની પાયલોટ વિમાન ઉડાડવાની પ્રેકટીસ કરી રહ્યા હતા ત્યારે બાલાઘાટ પાસે તેઓનું વિમાન ક્રેશ થયુ હતુ. જેમાં બંને પાયલોટના મોત થયા છે.

### ગુરૂદાસ કામતે કોંગ્રેસના તમામ હોદ્દા છોડ્યા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અને કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી ગુરૂદાસ કામતે પક્ષના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યું હતું. કામતે જણાવ્યું હતું કે, તેઓ પક્ષના કાર્યકર તરીકે કાર્યરત રહેશે.

# દિલ્હી એમસીડીમાં ભાજપની વિજય હેટ્રીક

**દિલ્હીની ત્રણ એમસીડીમાં ભાજપની જંગી બહુમતિ : આમ આદમી પાર્ટીની આશા ઉપર પાણી, કોંગ્રેસ ત્રીજા સ્થાન પર : ૨૦૧૫માં દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૬૭ સીટ સાથે રેકોર્ડ જીત મેળવનાર આમ આદમી પાર્ટીથી લોકો નાખુશ : ત્રણેય જગ્યાઓ પર ભાજપને બહુમતી**



નવી દિલ્હી,તા. ૨૬

દિલ્હી નગર નિગમની ચૂંટણીમાં ભાજપે નરેન્દ્ર મોદી લહેર વચ્ચે હેટ્રીક લગાવી દીધી હતી. ઉત્તર દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વીય દિલ્હી ત્રણેય એમસીડીમાં ભાજપે પ્રચંડ બહુમતી મેળવી લેવામાં સફળતા મેળવી છે. ત્રણેય એમસીડીની કુલ ૨૭૦ સીટમાંથી ભાજપે ૧૮૪ સીટો જીતી લીધી છે. જ્યારે એએપી ૪૬ સીટ સાથે બીજા સ્થાને અને કોંગ્રેસ ૩૦ સીટ સાથે ત્રીજા સ્થાને છે. અન્ય રાજ્યોમાં આગેકૂચ કરવા અને એમસીડી ઉપર સત્તા મેળવવાની એએપીની આશા ઉપર પાણી ફરી વળ્યું છે. ભાજપે શાનદાર દેખાવ કર્યો છે. ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૬૭ સીટની સાથે રેકોર્ડ જીત મેળવનાર આમ આદમી પાર્ટીના પ્રદર્શનથી લોકો નાખુશ હતા જેથી આ પાર્ટીની તરફેણમાં એમસીડીની ચૂંટણીમાં લોકોએ મત આપ્યા નથી. દિલ્હી નગર નિગમ ચૂંટણીમાં ભાજપને મળેલી જીત ઉપર દિલ્હી ભાજપના અધ્યક્ષ અને લોકસભા સાંસદ મનોજ તિવારીએ કહ્યું હતું કે અમે આ જીત સુકમા શહીદોને સમર્પિત કરીએ છીએ. દિલ્હીની જીત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિની જીત છે. મોદીના પગલે જ અમારી

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી એમસીડીમાં કારમા પરાજયના પગલે દિલ્હી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અજય માકનનું રાજીનામુ

**સામાન્ય કાર્યકરની જેમ કર્તવ્ય અદા કરવાની દિલ્હી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની જાહેરાત : કોંગ્રેસના વરિષ્ઠ નેતા અજય માકને ઈવીએમ સામે પ્રશ્નો ઉઠાવ્યા**



નવી દિલ્હી,તા. ૨૬

દિલ્હીમાં એમસીડીની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થયા બાદ પાર્ટીમાં નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. દિલ્હી પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અજય માકને નગર નિગમની ચૂંટણીમાં પાર્ટીના ખરાબ દેખાવ બાદ નૈતિક જવાબદારી સ્વીકારીને આજે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દેવાની ઓફર કરી હતી. માકને કહ્યું હતું કે તેઓ એક વર્ષ સુધી પાર્ટીમાં કોઈપણ હોદ્દાને સ્વીકારશે નહીં અને એક સામાન્ય કાર્યકરની જેમ પોતાના કર્તવ્યનું પાલન કરશે. અજય માકને કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીમાં નવા પ્રાણ ફૂંકાઈ રહ્યા છે પરંતુ જેવી અપેક્ષા હતી તેવા પરિણામ મળી શક્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# નકસલીઓ સામે આરપારની લડાઈ લડાશે

**પુરી તાકાત સાથે નકસલીઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ**
**નકસલીઓ સામે નવી રણનીતિ સાથે ઉતરવા રાજનાથસિંહી તૈયારી**
**આઠમી મેના દિવસે દિલ્હીમાં નકસલી પ્રભાવિત રાજ્યોની સાથે બેઠક**



નવી દિલ્હી,તા. ૨૬

છત્તિસગઢના સુકમા હુમલામાં ૨૬ જવાનો શહીદ થયા બાદ કેન્દ્ર સરકારે સુરક્ષા દળોને નક્સલવાદીઓ સામે સંપૂર્ણ તાકાત સાથે કાર્યવાહી કરવા માટેની સુચના આપી છે. સુરક્ષા દળોને આગામી થોડાક સપ્તાહમાં પરિણામ આપવા માટે પણ કહેવામાં આવ્યુ છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા આ મુજબનો આદેશ કર્યો હોવાના હેવાલ મળ્યા છે. નક્સલવાદીઓની સામે હવે નવી રણનિતીની સાથે મેદાનમાં ઉતરી જવા માટે કહેવામાં આવ્યુ છે. નકસલવાદીઓની સામે આરપારની લડાઈ લડવા માટે કહેવામાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઈવીએમ લહેરના પરિણામે ભાજપની જીત : ગોપાલ રાય



નવી દિલ્હી,તા. ૨૬

એમસીડીની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ એએપીમાં સોપો પડી ગયો છે. પરિણામ આવવાની શરૂઆત થયા બાદ જ ભાજપની જીત પાકી થઈ ગઈ હતી. એએપીના પ્રધાન ગોપાલ રાયે પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે અમે કારમી હારની સમીક્ષા કરીશુ. દિલ્હી સરકારના પ્રવકતા નાગેન્દ્ર શર્માએ ઈવીએમ પર ફરી પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે એક દશકમાં કોઈ ઝાડુ લગાવ્યા વિના જ ભારતીય જનતા પાર્ટી સ્વીપ કરી રહી છે. દિલ્હી ભાજપના અધ્યક્ષ મનોજ તિવારીએ કહ્યુ હતુ કે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે રાજીનામુ આપી દેવા તૈયારી રાખવી

## કુલભૂષણ જાધવને મુક્ત કરવા ભારતનો પકિસ્તાનને અનુરોધ

**ઈસ્લામાબાદમાં ભારતીય હાઈકમિશનર ગૌતમ બંબાવાલ દ્વારા પાકિસ્તાનમાં વિધિવત રીતે અપીલ કરવામાં આવી**

નવી દિલ્હી,તા. ૨૬

ઈસ્લામાબાદમાં ભારતીય હાઈકમિશનર ગૌતમ બંબાવાલે પાકિસ્તાનના વિદેશ સચિવ તહમીના જંજુવાને મળ્યા છે અને જાસૂસી બદલ ભારતીય નાગરિક કુલભૂષણ જાધવને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજા સામે સત્તાવાર રીતે અપીલ દાખલ કરી દીધી છે. કુલભૂષણ યાદવને છોડી મુકવાની માંગ કરીને ભારત દ્વારા આ અપીલ કરવામાં આવી છે. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા બંબાવાલાએ કહ્યું હતું કે અમે અપીલ કરી ચુક્યા છીએ અને એવી ઈચ્છા રાખી રહ્યા છીએ કે કુલભૂષણ જાધવને શક્ય તેટલી વહેલીતકે છોડી મુકવામાં આવે. પાકિસ્તાનના કાયદા મુજબ સજા કરવામાં આવ્યાના ૪૦ દિવસની અંદર ફાઈલ કરવામાં આવી શકે છે. ૧૦મી એપ્રિલના દિવસે જાસૂસીના આરોપસર પાકિસ્તાનની લશ્કરી કોર્ટે જાધવને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ અપીલ કોર્ટ ઓફ અપીલમાં પાકિસ્તાન આર્મી એક્ટ કલમ ૧૩૩ (બી) હેઠળ દાખલ કરવામાં આવી છે. બેઠક દરમિયાન પાકિસ્તાનના વિદેશ સચિવને રજુઆત પણ કરવામાં આવી હતી. બંબાવાલાએ કુલભૂષણ જાધવને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે ૪૬ વર્ષીય જાધવને મળવાની મંજુરી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનની સેનાએ આવી કોઈ તકને સ્વીકારવા હાલમાં તૈયારી દર્શાવી નથી. જંજુવા સાથેની અગાઉની બેઠક દરમિયાન બંબાવાલેએ લશ્કરી ટ્રિબ્યુનલના ચુકાદાની પ્રમાણિત નકલ અને આરોપોની યાદી સુપરત કરવા માટે કહ્યું હતું. આ પ્રકારની યાદી

● અનુસંધાન પાન-૭ પર

## સ્વચ્છ ભારત અભિયાનથી બિલ ગેટ્સ ખુબ પ્રભાવિત

**વડાપ્રધાનની પહેલને ઐતિહાસિક ગણાવી : ત્રણ વર્ષ અગાઉ સ્વચ્છ ભારત અભિયાનને શરૂ કરવામાં આવ્યા બાદથી આને નોંધપાત્ર સફળતા મળી છે : બિલ ગેટ્સ**



નવી દિલ્હી,તા. ૨૬

માઈક્રોસોફ્ટના સ્થાપક અને અબજોપતિ બિલ ગેટ્સે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્વચ્છ ભારત અભિયાન અથવા તો ક્લિન ઈન્ડિયા મિશન બદલ ભારે પ્રશંસા કરી છે. પોતાના બ્લોગમાં બિલ ગેટ્સે કહ્યું છે કે આશરે ત્રણ વર્ષ અગાઉ ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેર આરોગ્યના સંદર્ભમાં સૌથી સાહસી પૈકીની એક ટિપ્પણી કરી હતી. આની સીધી અસર આજે જોવા મળી રહી છે. એક ચુંટાયેલા અધિકારી પાસેથી આવી

● અનુસંધાન પાન-૭ પર

# કૃષિ આવકને ટેક્સની મર્યાદામાં નહિ લવાય : જેટલી

**હાલમાં ખેતીથી થઈ રહેલી દરેક પ્રકારની આવકને ઈન્કમ ટેક્સમાં છૂટછાટ આપવામાં આવેલી છે**

નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીએ નીતિ આયોગના સભ્ય વિવેક દેવરોયના ખેતીને ટેક્સની હદમાં લાવવાના સંદર્ભમાં પ્રશ્ને સ્પષ્ટતા કરી છે. જેટલીએ કહ્યું છે કે ખેતીથી થયેલી આવક ઉપર કોઈપણ પ્રકારના ટેક્સ લાગુ કરવાની કોઈ યોજના નથી. જેટલીએ કહ્યું છે કે તેઓએ નીતિ આયોગની ખેતીની આવક પર ટેક્સવાળા રિપોર્ટના પેરેગ્રાફને સારી રીતે વાંચી ચુક્યા છે. આ વિષય ઉપર કોઈપણ પ્રકારના ભ્રમને દુર કરવા માટે તેઓ સ્પષ્ટતા કરી રહ્યા છે. કેન્દ્ર સરકારની ખેતીથી થનારી આવક ઉપર કોઈપણ પ્રકારની ટેકસની કોઈ યોજના નથી. નાણામંત્રીએ કહ્યું છે કે શક્તિના બંધારણીય વિભાજનના કહેવા મુજબ કેન્દ્ર સરકારની પાસે ખેતીથી થનાર આવક પર ટેક્સ લાગુ કરવાનો કોઈપણ અધિકાર નથી. નીતિ આયોગના વિઝન ડોક્યુમેન્ટમાં પેરા ઈન્કમટેક્સ ઓન એગ્રીકલ્ચર ઈન્કમમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં ખેતીથી થયેલી દરેક પ્રકારની આવકને ઈન્કમટેક્સમાં રાહત મળેલી છે. આ આવક કેટલી પણ વધારે અથવા તો ઓછી હોય તો પણ તેને રાહત મળેલી છે. જ્યારે ખેતીથી આવકને ટેક્સની હદમાં મુકવાની જોગવાઈના ઈરાદા ખેડૂતોને સંરક્ષણ આપે છે પરંતુ કેટલીક વખત આનો ઉપયોગ ખેતીથી અન્યત્ર આવકને પણ ખેતીથી થયેલી આવક દર્શાવીને ટેક્સમાં છૂટછાટ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. કાળા નાણાં ફરી બજારમાં આવવાની સમસ્યાને દુર કરવા માટે આવા ચોર દરવાજાને બંધ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર







